॥ શ્રી ગણેશાય નમઃ ॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥ જય માતાજી ॥

# અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ

રાધાકૃષ્ણ મંદિર, ભાટીયા પોળ, રાયખડ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ટી-૧, ગોકુલધામ એપાર્ટમેન્ટ, વેજલપુર પોલીસ ચોકી પાછળ, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧.
Website : www.ambaraj.com

પરીપત્ર નં. ૨૦૧૮/૨ તા. ૨૨-૭-૨૦૧૮

વંદનીય જ્ઞાતિબંધુશ્રી,

અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચના હોદ્દેદારોની મીટીંગ તા. ૫ જુલાઈ ૨૦૧૮ને ગુરૂવારના રોજ મળેલ હતી. તેમાં ૨૦૧૮ના વીતેલ છ માસમાં થયેલ કાર્યવાહી તથા હવે પછી હાથ ધરવાની કામગીરી બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જે નીચે મુજબ છે.

(૧) વર્ષ ૨૦૧૮-૧૯ના શરૂઆતના છ માસમાં હાથ ધરાયેલ કામગીરીની વિગત :-

(અ) તા. ૧૮ માર્ચ ૨૦૧૮ને રવિવારના રોજ રાધાકૃષ્ણ મંદિર, ભાટીયાપોળ રાયખડ ખાતે બળીયાદેવના હવનનું આયોજન કરવામાં આવેલ અને તે જ દિવસે લાંભા ગામે જુના બળિયાદેવના મંદિરે તથા ભાટીયા પોળના મંદિરમાં નવી ધજાઓ ચઢાવવામાં આવેલ.

(બ) તા. ૨૨ એપ્રિલ ૨૦૧૮ને રવિવારના રોજ રાધાકૃષ્ણ મંદિરે ભાટીયાપોળ ખાતે શ્રી વડુચી માતાના હવનનું આયોજન કરેલ અને ભાટીયાપોળના બંને પ્રવેશદ્વાર ઉપર ગાગરબેડાના નવા તોરણો બાંધવામાં આવેલ.

(ક) રાધાકૃષ્ણ મંદિર, ભાટીયાપોળ ખાતે સમાજના મંદિરમાં પુરષોત્તમ માસ નિમિત્તે સમગ્ર માસ દરમિયાન કથાનું, ગોવર્ધન પર્વત (અન્નકુટ) તથા તુલસી વિવાહનું આયોજન કરેલ અને ખુબ જ ઉત્સાહપુર્વક ઉજવણી કરેલ અને મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ તે માટે સમાજ ત્યાંના યુવા વર્ગના યોગદાનને બીરદાવે છે અને યુવા વર્ગ અને સ્થાનિક રહીશોનો આભાર માને છે અને આ જ ઉમંગ અને ઉત્સાહ સાથે જન્માષ્ટમી ઉત્સવની પણ ઉજવણી કરે.

(ડ) પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સમાજ દ્વારા ૬૦૮૪ નંગ ફુલસ્કેપ ચોપડાઓ તથા ૯૨૨ નંગ નોટબુકો તૈયાર કરવામાં આવેલ. સમાજના સભાસદના અભ્યાસ કરતા આશરે <u>૨૦૭</u> વિદ્યાર્થીઓને રાહત દરે ચોપડા (રૂપિયા <u>૧૪૦/-</u> ના એક ડઝનના ભાવથી) અને જુ. કે.જી. તથા ધોરણ ૧ થી ૪માં અભ્યાસ કરતા આશરે <u>૬૩</u> વિદ્યાર્થીઓને રાહત દરે નોટબુકો (રૂપિયા <u>૯૦/-</u> ના એક ડઝનના ભાવથી) વિતરણ કરવામાં આવેલ. આ ફુલસ્કેપ ચોપડા તૈયાર કરવા માટે સમાજના દાતાઓ પાસેથી જાહેરાત અને વિદ્યાદાન પેટે રૂપિયા <u>૧,૪૫,૭૩૦/-</u> મળેલ છે અને ફુલસ્કેપ ચોપડા અને નોટબુકના વેચાણથી રૂપિયા <u>૭૪૮૨૦/-</u> મળેલ છે. આમ કુલ મળી રૂપિયા <u>૨૨૦૫૫૦/-</u> આવક થયેલ છે. અને જે સામે ફુલસ્કેપ ચોપડા અને નોટબુકના ખરીદી પેટે કુલ રૂપિયા <u>૧૫૨૨૭૧/-</u> ખર્ચ થયેલ છે. જેનો સમાજ સૌ વિદ્યાદાન આપનાર દાતાઓનો આભાર માને છે.

(૨) આપણા સમાજના વડીલ વહિવટદારો દ્વારા રાયખડ ભાટીયાપોળ ખાતે સને ૧૯૫૫માં રાધાકૃષ્ણ મંદિર બનાવેલ જેને આશરે ૬૩ વર્ષ થયા જેમાં નીચે પ્રમાણે રીપેરીંગ કામ કરાવેલ. વર્ષ ૨૦૧૭-૧૮માં રાયખડ રાધાકૃષ્ણ મંદિરમાં જેનો સમાજ દ્વારા આશરે રૂપિયા <u>૩,૭૦,૦૦૦/-</u> ખર્ચ કરવામાં આવેલ છે. (૧) મંદિરમાં પોલીશ પથ્થર નંખાવ્યા (૨) શંકર ભગવાનના શિલવીંગ પાસે ખાળકુવો બેસી ગયેલ જે નવેસરથી કરાવ્યો. (૩) મંદિરના ધાબા ઉપરથી વરસાદી પાણી વાડીમાં લીકેજ થતું હતું તેનું પ્લાસ્ટર કામ કરાવ્યું. (૪) ધાબાની પેરાફીટ તોડાવી લોખંડના કઠેરા લગાવ્યા. (૫) મંદિર તથા ઉપરની વાડીમાં કલરકામ કરાવ્યું. (૬) વાડીમાં કુલ ૧૫ નંગ નવા પંખા લગાવ્યા જે પૈકી ૫ (પાંચ) નંગ પંખા ગં. સ્વ. ભાનુબેન પરષોત્તમદાસ સોલંકી દ્વારા નંખાવેલ છે. જેનો સમાજ આભાર માને છે. (૭) રાયખડના લોકોની લાગણીને ધ્યાને લઈ રાયખડ મુકામે ૩૦૦ નંગ મેલામાઈન ડીસો તથા વાટકીઓનો સેટ ખરીદેલ છે.

પાછળ જુઓ...

(૩) નીચેની બાબતોથી સમાજ ઉપર આર્થિક ભારણ વધારે આવે છે. (૧) સમાજના રસોઈના વાસણોનો વપરાશ ઓછો થયેલ છે કારણ કે લોકો પાર્ટી પ્લોટ/હોલ કે ડીશના કોન્ટ્રાક્ટ દ્વારા પોતાના ત્યાં લગ્ન કે અન્ય પ્રસંગોની ઉજવણી કરે છે. અને જેને કારણે આવકમાં ઘટાડો થયેલ છે. (૨) વાડીનો વપરાશ ઓછો છે અને મંદિરની વાડીનું ઈલેક્ટ્રીક બીલ યુનિટના ભાવ કરતા વધારે ચુકવવાનું થાય છે. મ્યુ. ટેક્ષ બીલનો મોટો ખર્ચ થવા પામેલ છે.

(૪) સમાજે આવનાર દિવસોમાં નીચે મુજબનો ખર્ચ કરવાનો બાકી રહે છે. (૧) ગોકુલધામ વેજલપુર ખાતે શેડ બનાવવાનો બાકી છે (૨) ગોકુલધામ વેજલપુર ખાતે ઉધઈની ટ્રીટમેન્ટ કરાવાની બાકી (૩) સમાજને આધુનિક ઢબે કરવા માટે કોમ્પ્યુટર તથા પ્રિન્ટર કમ સ્કેનરની ખરીદી કરવાની બાકી જે માટે જાહેરાતના દર નક્કી કરેલ છે. (૪) સમાજે વેબસાઈટ www.ambaraj.com ચાલુ કરેલ છે તેને નિભાવવાનો ખર્ચ અને તે માટે ધંધાદારી તેમના ધંધાની જાહેરાત આપી મદદ કરી શકે છે. <u>(જાહેરાતના દર એક વર્ષના રૂા. ૨૦૦૦/- અને ૧૦૦૦/- રાખેલ છે. )</u>(૫) આગામી નવા વર્ષ નિમિત્તે સ્નેહ મિલનનો કાર્યક્રમનું આયોજન તા. ૧૮-૧૧-૨૦૧૮ના રોજ વાસણા મ્યુનિસિપલ હોલ ખાતે રાખેલ છે.

ઉપરોક્ત બાબતોની ચર્ચા વિચારણાને ધ્યાનમાં રાખીને વર્ષ ૨૦૧૮-૧૯થી પુરૂષ સભાસદ ફીમાં ફક્ત રૂપિયા <u>૨૦/-</u> જેવો નજીવો (દર માસના રૂપિયા <u>૧.૬૭</u> લેખે) વધારો કરી રૂપિયા <u>૧૬૦/-</u> કરવામાં આવેલ છે. અને ગં.સ્વ. બહેનનો માટે રૂપિયા <u>૮૦/-</u> કરેલ છે. આમ છતાં આ ખર્ચને પહોંચી વળવા માટે દાતાઓ આગળ આવી શકે છે તેમનો અમુલ્ય ફાળો આપી સમાજને સહભાગી થઈ શકે.

(૫) ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯માં હવે પછી હાથ ધરવાના કાર્યોની વિગત : (અ) સમાજના જે વિદ્યાર્થીઓએ સ્નાતક અને અનુસ્નાતક ડીગ્રી મેળવેલ હોય તે દરેક વિદ્યાર્થીઓએ સમાજ દ્વારા વિતરણ કરેલ ચોપડા તથા નોટો લીધેલ ન હોય એટલે કે જે વિદ્યાર્થીઓએ તેમના પરિણામની ઝેરોક્ષ નકલ આપેલ નથી તેવા વિદ્યાર્થીઓએ વાર્ષિક ઈનામ વિતરણમાં સ્પર્ધામાં ભાગ લેવા માટે તેમના પરિણામની-ઝેરોક્ષ નકલની પાછળ તેનું નામ તથા તેનાં પિતાનું નામ, સરનામું, ધોરણ, ગુજરાતી કે અંગ્રેજી મીડીયમ, મોબાઈલ નંબર લખીને તા. ૨૪-૮-૧૮ સુધીમાં જમા કરાવવી, ત્યારબાદ આવેલ પરિણામની ઝેરોક્ષ ધ્યાને લેવામાં આવશે નહિં. (બ) શ્રી મામુદ્રી માતાનો હવન તા. ૧૫ ઓગષ્ટ ૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૯.૦૦ વાગે રાધાકૃષ્ણ મંદિર, ભાટીયા પોળ ખાતે રાખેલ છે. સર્વે જ્ઞાતિબંધુઓને પુજામાં બેસવાનો તથા દર્શનનો લાભ લેવા વિનંતી છે. સદરહુ હવનની પુજા વિધિમાં ભાગ લેવા માંગતા દંપત્તિએ રૂપિયા <u>૧૫૧/-</u> અગાઉથી નામ નોંધાવી જમા કરાવવાના રહેશે. (ક) જારોળું :- મિઠાઈના પ્રસાદના પેકેટનું વિતરણ : શ્રાવણ માસના મામુદ્રી માતાજીના હવન બાદ પ્રસાદી રૂપે મિઠાઈ (મલાઈ બરફી)ના પેકેટના નીચે જણાવેલ સ્થળે અને સમયે વિતરણ કરવામાં આવનાર છે. આથી દરેક સભાસદે તેમનું વાર્ષિક લવાજમ ભરી સમયસર મીઠાઈના પ્રસાદનું પેકેટ મેળવી લેવા વિનંતી છે.

| સ્થળ | તારીખ | સમય |
|---|---|---|
| ટી-૧, ગોકુલધામ એપાર્ટમેન્ટ, વેજલપુર પોલીસ ચોકી પાછળ, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧. | તા. ૧૯-૮-૨૦૧૮ રવિવારથી<br>તા. ૨૧-૮-૨૦૧૮ મંગળવાર | સવારે : ૧૨.૦૦ થી સાંજે : ૬.૦૦<br>......રિશેષ બપોરે : ૨.૩૦ થી ૩.૦૦ |
| રાધાકૃષ્ણ મંદિર, ભાટીયા પોળ, રાયખડ, અમદાવાદ-૩૮૦૦૦૧. | તા. ૨૨-૮-૨૦૧૮ બુધવાર<br>તા. ૨૩-૮-૨૦૧૮ ગુરૂવાર | સવારે : ૧૨.૦૦ થી સાંજે : ૬.૦૦<br>......રિશેષ બપોરે : ૨.૩૦ થી ૩.૦૦ |

(૬) દરેક સભાસદશ્રીએ વાર્ષિક લવાજમ પેટે પરણિત પુરૂષ સભાસદ દીઠ ૧૬૦.૦૦ (એટલે કે માસિક આશરે રૂા. ૧૩ થી ૧૪ થાય) સભાસદ ગં. સ્વ. બહેન દીઠ રૂપિયા <u>૮૦.૦૦</u> (એટલે કે માસિક આશરે રૂા. ૬ થી ૭) થાય તે જમા કરાવી તેની પહોંચ તથા મિઠાઈના પ્રસાદનું પેકેટ મેળવી લેવા વિનંતી છે. ઉપરોક્ત નિયત કરેલ તારીખ અને સમયમાં કોઈપણ સભાસદ મિઠાઈના પ્રસાદનું પેકેટ મેળવશે નહીં/લેવા માંગતા ન હોય / લેવામાં ચુકશે તો પણ જ્ઞાતીના દરેક સભાસદ ભાઈઓ/બહેનોએ લવાજમ ફાળાની રકમ ભરવી ફરજીયાત છે અને સમાજ માંગણી કરે તે

પાછળ જુઓ...

પહેલાં પોતાની સ્વૈચ્છિક સભાસદ ફી ભરવાની રહેશે અને તેમ છતાં પણ મિઠાઈના પ્રસાદના પેકેટના હક્કદાર રહેશે નહીં જેની સભાસદોએ ખાસ નોંધ લેવી.

(૭) જારોળું લેવા આવો ત્યારે સમાજ તરફથી પ્રકાશિત કરેલ પરિવાર પરિચય ૨૦૧૭માં આપના કુટુંબનો પરિચય કયા સભાસદ નંબરથી કયા પાના નંબર ઉપર અને કયા ક્રમ ઉપર સમાવેશ કરવામાં આવેલ છે તેની વિગત અથવા ગયા વર્ષ (૨૦૧૭-૧૮) ભરેલ સભાસદ ફી (રૂપિયા ૧૪૦/- અથવા રૂા. ૭૦/-)ની પહોંચ અથવા તે પહોંચમાં દર્શાવેલ સભાસદ નંબર લખી લાવવાનો રહેશે.

સમાજ તરફથી પ્રકાશિત કરેલ પરિવાર પરિચય ૨૦૧૭માં જે સભાસદે પોતાના પરિવારને લગતું ફોર્મ ન આપ્યું હોય તો તેમણે તા. ૨૩-૮-૨૦૧૮ સુધીમાં ભરીને આપી દેવું અને જે સભાસદે ફોર્મ ભરીને આપેલ હશે તેની જ માહિતી સમાજની વેબસાઈટ www.ambaraj.com ઉપર દર્શાવવામાં આવશે અને શક્ય હશે તો પુરવણીમાં પણ છાપવામાં આવશે.

સમાજના કોઈપણ સભાસદના સગાવ્હાલાનાં મૃત્યુ અંગેના બેસણાં/બારમું/તેરમા/સજ્જા સરવણીના સમાચાર સમાજના દરેક વ્યક્તિને વેબસાઈટ www.ambaraj.com દ્વારા ખુબ જ નજીવી કિંમતે મુકવામાં આવે છે જે માટે એક અરજી સાથે સ્માશાનની નોંધની ઝેરોક્ષ કોપી આપવાની રહેશે જેની દરેક સભાસદે નોંધ લેવી.

<u>ચિત્ર હરિફાઈ :-</u> ૪ થી ૧૪ વર્ષના બાળકોની ચિત્ર હરિફાઈ તા. ૧૨-૮-૨૦૧૮ના રોજ સવારે : ૧૦.૦૦ વાગે સમાજનાં રાધાકૃષ્ણ મંદિર, ભાટીયા પોળ રાયખડ ખાતે રાખેલ છે અને તા. ૧૮-૧૧-૨૦૧૮ના રોજ સ્નેહમિલનનાં દિવસે બાળકોનો ૪ થી ૧૪ વર્ષના સાંસ્કૃતિક કાર્યક્રમ માટે રીટાબેન સોલંકી મો. નં. ૯૭૨૪૭ ૪૧૭૭૩, યામિનીબેન સોલંકી મો. ૯૫૮૬૮ ૦૩૭૭૨, કામિનીબેન ચૌહાણ મો. ૮૫૧૧૧ ૫૨૮૬૭, નિમિષાબેન ચુડાસમા મો. ૯૭૨૫૬ ૮૬૪૨૮ પર સંપર્ક કરવો.

<u>જન્માષ્ટમી મહોત્સવ :-</u> તા. ૩ સપ્ટેમ્બર ૨૦૧૮નાં રોજ કૃષ્ણ જન્મ મહોત્સવ રાધાકૃષ્ણ મંદર, ભાટીયાપોળ ખાતે સમાજના મંદિરમાં રાત્રે ૧૨.૦૦ કલાકે ઉજવવામાં આવશે. દરેક જ્ઞાતિજબંધુઓને પધારવા નમ્ર વિનંતી છે.

સમાજના નિતી-નિયમો મુજબ કોઈપણ સભાસદની બાકી લેણી રકમ દા.ત. વાર્ષિક લવાજમ, લગ્નદાપુ, વાસણ ભાડું, સભાખંડ ભાડુ અથવા સમાજ દ્વારા બાકી મકાન ફાળો અને સભાસદની બાકી ફી ભરવા જણાવેલ રકમ જમા કરાવવા વિનંતી. અમદાવાદ ઘટકનાં હોવા છતાં નિયમિત વાર્ષિક લવાજમ ભરતાં નથી તેમણે જારોળા વિતરણ દરમ્યાન તે રકમ અવશ્ય ભરી રસીદ મેળવી લેવા વિનંતી છે. જે સભાસદે ફરજીયાત મકાન ફાળો રૂા. ૧૦૦૦/- ભરેલ નથી તેમણે તે તાત્કાલિક ભરી દેવો જોઈએ કારણ કે બાકી રકમવાળાનાં નામ આપણી વેબસાઈટ www.ambaraj.com પર પણ જોઈ શકાશે. અમદાવાદ બારશાખ રાજપુત જ્ઞાતિ પંચના સભાસદ બનવા માંગતા અન્ય બારશાખ રાજપુત ઘટકનાં સભ્યશ્રીઓએ રૂા. ૫૦૧/- તથા નિયત પ્રવેશ ફોર્મ ભરી હોદેદારોનો સંપર્ક કરવો.

સમાજ કાર્ય, વ્યક્તિગત કામ, સેવા કાર્યમાં જોડાવવા કે પુછપરછ માટે વેજલપુર સંપર્ક કેન્દ્ર સમય દર રવિવારે સવારે ૧૧.૩૦ થી ૧.૩૦ (શક્ય હોય તો શ્રી જયંતિભાઈ સી. રાજપુત, પ્રમુખ મો. ૯૮૨૪૪૮૦૪૭૦, શ્રી સુરેન્દ્રસિંહ એમ. મકવાણા ઉપપ્રમુખ મો. ૯૪૨૬૬૩૧૫૨૪ પર ફોન કરીને જ આવવું.)

<u>તા.ક. ખાસ નોંધ :</u> સર્વે જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી સાથે જણાવવાનું કે આપનાં સગાસંબંધી તથા આપની આજુબાજુ રહેતાં આપણા બારશાખ રાજપૂત સમાજનાં અથવા બહારગામ રહેતાં અમદાવાદ ઘટકનાં સભાસદ કુટુંબોને શક્ય હોય તે માધ્યમ દ્વારા આ પત્રિકા મોકલી અથવા ઉપરોક્ત વિગતની જાણ કરી નિયત તારીખ તથા સમયમાં મિઠાઈનો પ્રસાદ મેળવી લેવાનાં સમાજ કાર્યમાં સહકાર આપવા વિનંતી. વધુમાં ખાસ વિનંતી કરવામાં આવે છે કે આપના કુટુંબના સભ્યનો મોબાઈલ નંબર આપવાથી સમાજનો વોટ્સએપ ambarajsocialgroup ચાલુ કરેલ છે તેમાં આપણાં સમાજને લગતી માહિતીની જાણ કરવામાં આવે છે. આ બાબતે ખાસ સુચના આપવામાં આવે છે કે આપશ્રી આ વોટ્સએપ ગ્રુપમાં જોડાઓ તો ફક્ત સમાજને ઉપયોગી માહિતી જ વોટ્સએપથી મોકલો તેની ખાસ સુચના આપવામાં આવે છે. સમાજના હિત સિવાયની માહિતી મોકલવાથી સમય તથા ખર્ચનો વ્યય થાય છે જેને કારણે આપણો સમાજ સંગઠીત રહે તેની ખાસ કાળજી રાખવી તે સમાજના હિતમાં છે. આપણી સાઈટ જોવા માટે www.ambaraj.com ફેસબુક પર ( Follow us on) fb@ambaraj.com - Supportmail, ID : info@ambaraj.com પર સમાજના સમાચાર જોતા રહેશો અને સમાજનાં કાર્ય માટે આપનાં પ્રતિભાવ આપતાં રહેશો.

પાછળ જુઓ...

અમદાવાદ બારશાખ રાજપૂત જ્ઞાતિ પંચ